સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

વગર ભણાવ્યે ખાધા મલીદા, મધ ચટક્યું છે,
ને હવે ભાંગવી પડશે એફ.ડી. ઈ ખટક્યું છે!!
વટક્યું તંત્ર કોઈ ગુપ્ત સમજુતિની ગાંઠથી -
શિક્ષણના ગળે 'ફી'નું હાડકું હવે અટક્યું છે...

હાઈકુ

છેડતી બંધ?!
આઉટલેન વાળા -
ઓન-લાઈન?!
(આડ અસર!!)

નિશાળો બંધ?!
વિદ્યાર્થી - વાલીઓને -
મોટી નિરાંત...
(બધાં નિશ્ચિંત)

ચિંતન

ન હિ માનસિકો ધર્મઃ કરય ચિજ્ઞાયતે અજ્જસા ।
અતો યતેત્ તત્પ્રાપ્તયૈ મિત્ર લબિધર્વરા નૃણામ્ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલીમાંથી લેવામાં આવેલ છે.

કોઈના મનોભાવ જાણવાનું કામ સહેલું નથી, કેળવ મિત્રના મનોભાવ તત્કાળ જાણી શકાય છે. એટલે વધારેમાં વધારે મિત્રોની પ્રાપ્તિનો પ્રયત્ન કરવો. મનુષ્ય માટે મિત્રોની પ્રાપ્તિ થવી એ જ ઉત્તમ વાત છે.

શિક્ષિત અને સુધરેલા પરિવારોમાં, કુટુંબીજનોમાં 'દંભ' એવો પ્રવેશી ગયો છે કે માનવ મનમાં ભરેલી દાંભિકતા, ગુપ્તવાતો અને માનસિક મનોભાવોની એકમેકમાં કંઈ જ ખબર પડતી નથી. બધા વ્યવહાર ઉપરછલ્લા ભાવે વ્યવહાર નિભાવવા ખાતર જ, સંબંધો ટકાવી રાખવા ખાતર, સામાજિક પદ સાચવવા ખાતર એક છત્ર નીચે રહેતાં હોઈએ છીએ. પતિ-પત્ની, માતા-પુત્રો, 'સાસુ-વહુઓ,' દેરાણી-જેઠાણી, શેઠ-નોકરો આ બધાં જ બનાવટી મુખવટા નીચે દંભના સ્મિત સાથે જીવતાં હોય છે.

સંબંધોમાં નિખાલસતા, ખુલ્લા હૃદયની વાત લુપ્ત થઈ ગઈ છે, જ્યાં અપેક્ષા વિના એકમેકને પ્રેમ આપવાની, ત્યાગ-સેવાની ભાવના હોય ત્યાં જ શુદ્ધ પ્રેમ અને હૃદયનું ખુલ્લાપણું આવે.

સુવિચાર

- જમાનાથી જરાક જુદી રીતે ચાલું છું, જેના પર બોજ નાખું છું, તે દરેક ખભા યાદ રાખું છું - **એસ. ભટ્ટાચાર્ય**
- જિંદગી કયા હૈ... મત પૂછો... સંવર ગી તો તકદીર ઔર બિખર ગઈ તો તમાશા હૈ - **સુધીર સાહબ**
- સમય શીખવી જાય છે કે, લોકો કેવાં હતાં અને તમે એમને કેવાં સમજતાં હતાં - **જનકલ્યાણ**
- સમજદાર માણસ નિંદા ન કરે, નિદાન કરે - **મોરારિ બાપુ**
- જે સત્યનિષ્ઠા છે એ પ્રેમનિષ્ઠા હશે જ અને જે પ્રેમનિષ્ઠ છે એ કરુણાનિષ્ઠ હશે જ - **બોધિવૃક્ષ**
- સફળ અને નિષ્ફળ એ બંને 'ફળ' જ છે - **નસીમ શમ્સી**
- આજનું ઔષધ : છાશમાં ઈન્દ્રજવ નાખીને પીવાથી લોહી પડતા મસા પણ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક બેન્કનો કેશિયર નિર્દોષ હોવા છતાં તેને કેશમાં ગરબડ કરવાની સજા થઈ. તેનો સહકર્મચારી પર તે કેશિયર્સ સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો હતો. પણ આ કેશિયર ને જેલ જવાનું આવ્યું. અને તેનો સહ કર્મચારી દોષી હોવા છતાં નિર્દોષ છૂટી ગયો. જેલમાં પુરાઈ રહેવાની સજાથી તે પારાવાર દુઃખી થયો. પણ એક દિવસ એના મનમાં એક શુભ સર્જનાત્મક વિચાર ઝબક્યો. તેને પોતાના વિચારોને કાગળ પર ઉતારવા કાગળ, સ્યાહી અને કલમ માંગ્યા. પરંતુ જેલના નિયમો કડક હોવાથી તેને મળી શક્યા નહીં. તેણે અખબાર વાંચી તેની કોરી કિનાર કાપવાનું શરૂ કર્યું. કોલસાને પાણીમાં પલાળી કાળી સ્યાહી બનાવી. સાવરણીની સળીઓની કલમ (કિત્તો) બનાવી કોઈ જુવે નહીં તેમ ચિંતન વાક્યો લખવાનું શરૂ કર્યું. ધીમે ધીમે તેમે એક પુસ્તક છપાય એટલું સાહિત્ય સર્જન જેલમાં બેસીને કર્યું. જેલરને આ વાતની ખબર પડી. તેમે કેશિયરને ખાનગીમાં થોડાક કાગળ કલમ સ્યાહીની ગુપ્ત મદદ કરી હતી. સજા ભોગવીને તે બહાર આવ્યો અને તેનું પુસ્તક પ્રકાશિત થયું. પુસ્તકનું નામ હતું 'પ્રિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ' આ પુસ્તક અમર સાહિત્યકૃતિ ગણાય છે. તે લંડનમાં વિખ્યાત બન્યો. તેનું નામ હતું 'જહોન બ્રિનીયન.'

કોરોના સામે પ્રજાએ જ જીતવું પડશે

તંત્રીસ્થાનેથી...

કોરોનાએ દેશ આખામાં માઝા મૂકી છે. એકવીસ દિવસના લોકડાઉનમાં જ એને હરાવી દેવાના આપણા નેતાઓના દાવા પોકળ સાબિત થયા છે. હવે નેતાઓ કોરોનાનું નામ સુધ્યાં નથી લેતા. તેઓ રાજકીય ખટપટોમાં પરોવાઈ ગયા છે કારણ કે કોરોનાના નામે જશ મળવાની કોઈ સંભાળના બચી જ નથી. ઝારખંડ જેવી કડકાઈ ગુજરાતમાં - મહારાષ્ટ્રમાં કેમ અમલી નથી બની શકતી? જાહેરમાં થૂંકવા કે માસ્ક ન પહેરવા બદલ ઝારખંડ સરકારે ૧ લાખ રૂપિયાનો દંડ નક્કી કર્યો છે. પ્રજાને જીવવું હોય તો જીવે, એને જિવાડવા નેતાઓ શું કામ ઉજાગરા કરે? એમને તો હજી દેશમાંથી કોંગ્રેસનો સફાયો કરવો છે. રાજસ્થાનમાંથી ગહલોતની હકાલપટ્ટી કરવી છે. કોરોના કરતાં એમની મુખ્ય લડાઈ કોંગ્રેસ સામે છે. એથી હવે ઠેકઠેકામે ગંજીફાચીપી પાર્ટીને મજબૂત કરવા પણ ધ્યાન આપવાનું છે. કોરોના તો લોકોને પણ કોઠે પડતું જાય છે. અખબારો અને મીડિયામાં કાગારોળ થતી રહે એટલું જ. સૌ પોતપોતાની પ્રવૃત્તિમાં જોતરાઈ ગયું છે. સોશિયલ ડિસ્ટંસ, સેનેટાઈઝર અને માસ્ક પણ મરજિયાત બની ચૂક્યાં છે. ગાંધીનગર તો રાજયનું પાટનગર છે. અહીંના પોશ ગણાતા સેકટરોમાં રહેતા સરકારી અધિકારીઓ સવારે બિન્ધાસ્ત માસ્ક પહેર્યા વગર વૉક માટે નીકળી પડે છે. જો વહીવટીતંત્રમાં જ આવી બેદરકારી પ્રવર્તતી હોય તો સામાન્ય માણસ શું કામ નિયમો પાળે? ઠેકઠેકાણે ચાલી રહેલાં બાંધકામોમાં જોતરાયેલા શ્રમિકો પૈકી ભાગ્યે જ રડ્યો ખડ્યો માણસ માસ્ક સાથે દેખાશે. અમને કોરોના-ફોરોના કાંઈ ના કરે! એ બધી તમારાં સુખિયાં લોકની પળોજળ. સુપર કલાસવન ઑફિસરને માસ્ક સાથે વૉક લેવામાં કાર્બન ડાયોકસાઈટનું જોખમ વરતાય છે. મજૂરને એની જરૂર જ નથી લાગતી. ટૂંકમાં આ માસ્ક, સેનેટાઈઝર અને સોશિયલ ડિસ્ટંસવાળી તાકીદનું પાલન ફક્ત ઑફિસોમાં થાય છે. પોલીસની ધાક પૂરતો માસ્ક જરૂર પહેરવો પડે છે પણ લોકોને એ પહેરી રાખવો ગમતો નથી. કોરોનાનાં અદૃશ્ય વિષાણુ ક્યારે, ક્યાં સંક્રમિણ કરી દેશે એની કોઈને ખશી ખાતરી નથી. ખુદ વૈજ્ઞાનિકો આ મુદ્દે ખાસ્સી અવઢવ અનુભવે છે. એ હવાથી ફેલાતો હોવાની થિયરી પણ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન સ્વીકારી ચૂક્યું છે. ચારે તરફ, અત્ર તત્ર સર્વત્ર ભયનો જ માહોલ પ્રવર્તતો હોય ત્યારે સ્વાભાવિક છે કે માણસ બેદરકાર બની જાય. પડશે તેવા દેખાશે - વાળી કૂટનીતિ અપનાવે. ગ્રામીણ વિસ્તારોમાં બહારથી આવનારા લોકોને જાકારો આપવા પૂરતી કડકાઈ જરૂર દેખાશે, પરંતુ અનલોક પ્રક્રિયા પછી તો કોઈને કાઢી મૂકી શકાતું નથી. સાબરકાંઠા અને બનાસકાંઠા જેવા જિલ્લાઓમાં કે સૌરાષ્ટ્રમાં કોરોનાની આયાત મહદંશે અમદાવાદ, સુરત કે મુંબઈથી થઈ છે. હવે ગુજરાતનો કોઈ જિલ્લો કોરોનામુક્ત નથી રહ્યો. શરૂમાં અમરેલી અને મોરબી જેવા જિલ્લાઓમાં કેસ જ નહોતો ત્યાં ાજકાલ ઢગલા મોઢે કેસો અને મોત નોંધાઈ રહ્યા છે. આપણી સરકાર શરૂ શરૂમાં એ મુદ્દે આશ્વસ્ત હતી કે આપણે ત્યાં મરણાંક અન્ય દેશોની સરખામણીમાં ઓછો છે. હવે એ દિશામાં પણ દેશ કૂદકે ને ભૂસકે 'પ્રગતિ' કરી રહ્યો છે. આ બદાનું એક જ કારણ છે : રોગ પ્રત્યેને બેદરકારી. હવે કોમ્યુનિટી ટ્રાંસમિશન શરૂ થઈ ગયું છે અને લાખોની સંખ્યામાં કેસો નોંધાઈ રહ્યા છે. શરૂથી જ ટેસ્ટિંગ મુદ્દે વધુ જાગ્રત રહ્યા હોય તો કદાચ આવી દયનીય સ્થિતિ ન આવી હોત. જયાં ટેસ્ટિંગ ઓછું હતું ત્યાં અત્યારે નવા હોટસ્પોટ બની રહ્યાં છે. ઉત્તરપ્રદેશ અને બિહાર એનાં જવલંત ઉદાહરણ છે. જો કે સરકાર અને રાજકીય પક્ષોને હવે કોરોના કરતાં સત્તાનાં સોગઠાં ગોઠવવામાં જ વધુ રસ હોય એવું સ્પષ્ટ દેખાયું રહ્યું છે. કોરોના સામેની લડાઈમાં સરકારે તો હાથ હેઠા મૂકી દીધાં છે. પ્રજાને જીવવું હશે તો એની સાથે લડત ચાલું રાખશે!

તકદીર તેરી છુટ્ટી પે હૈ, મૌત તેરે સર પર હૈ...લેકિન બાતેં ઐસી કરતા હૈ, જૈસે ઝિંદગી તેરે બિસ્તર પર હૈ...

તકદીર તેરી છુટ્ટી પે હૈ, મૌત તેરે સર પર હૈ... લેકિન બાતેં ઐસી કરતા હૈ, જૈસે ઝીંદગી તેરે બિસ્તર પર હૈ...
- મુસાફિર

વિચારયાત્રા
ડાયલોગથી દેવભાષા

ઈ.સ. ૨૦૦૪માં સંજય ગુપ્તા દિગ્દર્શિત આ ફિલ્મમાં સંજય દત્ત, અનિલ કપૂર, આદિત્ય પંચોલી, મહેશ માંજરેકર અને સમીરા રેડ્ડી જેવા કલાકારોનો કાફલો હતો.સંજય ગુપ્તાના દિગ્દર્શનની એ ખાસીયત રહી છે કે આખી ફિલ્મ એક સેપિઆ રંગમાં કે આછા લીલા રંગની આભામાં શૂટ થાય. મોટાભાગે ફિલ્મ એક્શન, સેક્સ, વાયોલન્સ અને માફિયાની દુનિયાની વાત હોય. આ ફિલ્મનાં સંવાદ મયુરપુરી એ લખ્યાં હતા. ફિલ્મમાં આ સંવાદ સંજય દત્ત બોલે છે. ૧૯૯૭માં આવેલી હોલિવુડ ફિલ્મ 'યુ ટર્ન' પરથી પ્રેરણા લઈને આ ફિલ્મ બની હતી, અને 'યુ ટર્ન' ફિલ્મ ૧૯૯૭માં આવેલા જોન રીડ્લી નામક લેખકના 'સ્ટ્રે ડોગ્સ' નામક પુસ્તક પરથી પ્રેરિત હતી.

જીવનની અંતિમ ક્ષણ આવી ગઈ હોય તેમ છતાં અમુક માણસોની હેંકડી છૂટતી નથી. અને એવા એવા બેહૂદા અને વાહિયાત પ્રલાપ તેઓ કરતા હોય છે કે ન પૂછો વાત!

આવો જ એક શ્લોક શ્રીમદ્ ભાગવતમાં મળી આવે છે.

ન વૈ શૂરા વિકત્થન્તે દર્શયન્ત્યેવ પૌરુષમ ।
ન ગૃહ્ણીમો વચો રાજ્ઞાતુરસ્ય મુમૂર્ષતઃ ॥ ૧૦/૫૦/૨૦

અર્થાત : જે શૂરવીર હોય છે એ તારી જેમા ડીંગો નથી મારતા. તે તેમનું બળ પૌરુષ જ દેખાડે છે. જો તારું મૃત્યુ તારા માથે નાચી રહ્યું છે અને તુ એવો પ્રલાપ કરી રહ્યો છે, જાણે મૃત્યુ સમયે સન્નિપાત ઉપડ્યો હોય.

શ્રીમદ્ ભાગવતમ્ હિંદુ ધર્મનાં અઢાર પુરાણો પૈકીનું એક છે, જેને ક્યારેક ભાગવત્ પુરાણ, ભાગવત્ મહાપુરાણ કે ફક્ત ભાગવત તરીકે પણ ઓળખવામાં આવે છે. ભાગવતમાં મૂળભુત રીતે ભક્તિ યોગ પર ભાર મુકવામાં આવ્યો છે અને તેમાં કૃષ્ણને પરમેશ્વર અને સ્વયં ભગવાન (મૂળ પુરુષ) તરીકે નિરૂપવામાં આવ્યાં છે.

ભાગવતનું આલેખન ઋષિગણની સભામાં સુત ગોસ્વામી દ્વારા કહેવામાં આવતી કથાનાં રૂપમાં કરવામાં આવ્યું છે, જેમાં ઉપસ્થિત શ્રોતાગણમાંથી ઋષિઓ તેમને એક એક કરીને પ્રશ્નો પુછે છે (ખાસ કરીને કૃષ્ણ કે વિષ્ણુનાં વિવિધ અવતારો ઉપર)અને આ પ્રશ્નોનાં ઉત્તર સુત ગોસ્વામી તેમને આપે છે. સુત ગોસ્વામી આ કથા વિશે એમ કહે છે કે તેઓએ તે અન્ય ઋષિ શુકદેવ મુનિ પાસેથી સાંભળી હતી.

શ્રીમદ્ ભાગવતમ્ ૧૨ સ્કંધોનું બનેલું છે, જેમાં મોટે ભાગે એક સ્કંધમાં વિષ્ણુના એક અવતારની કથાનું વર્ણન છે. પ્રથમ સ્કંધમાં ભગવાનના બધા જ અવતારોનું ટૂંકમાં વર્ણન સુત ગોસ્વામીએ કર્યું છે જેને અંતે તેઓ કૃષ્ણને સ્વયં ભગવાન (સ્વયં ભગવાનનો અર્થ છે કે તે અવતાર નથી, પણ અવતારી છે, એટલેકે અન્ય અવતારો કૃષ્ણનાં અવતારો છે, અને કૃષ્ણ પોતે મૂળ પુરુષ/પરમેશ્વર છે) તરીકે પ્રસ્થાપિત કરે છે. દશમ સ્કંધમાં કૃષ્ણનાં પ્રાકટ્યની કથા છે અને તેની સાથે સાથે તેમણે વૃંદાવનમાં કરેલી બાળલીલાઓ તથા ભક્તોને આપેલા ઉપદેશોની કથા (જેમકે ઉદ્ધવ ગીતા) દશમા અને અગિયારમાં સ્કંધમાં વહેંચાયેલી છે. દ્વાદશ સ્કંધમાં ભવિષ્ય કથન છે જેમાં કળિયુગનાં આગમનની કથા છે અને પૃથ્વીનાં વિનાશની એટલે કે પ્રલયની વાત કરીને ભાગવત પુરું થાય છે.

-jayuoza@gmail.com, Mo.9898046488

રક્ષાબંધનની પૂર્વે સંધ્યાએ 'સાહિત્યિક ઓનલાઈન' કાર્યક્રમ

વૃત્ત સંચય

●ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન દ્વારા,ભાઈ-બહેનના પ્રેમના પવિત્ર તહેવાર'રક્ષાબંધન' ને અનુલક્ષીને, રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ તા.૨-૮-૨૦૨૦ના રોજ 'રક્ષાબંધન' સંબંધિત ગીત,

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

કવિતા અને ગઝલનો એક 'સાહિત્યિક ઓનલાઈન કાર્યક્રમ' - કવિ સંમેલન, સંસ્થાના પ્રમુખ, ડૉ.ગુલાબચંદ પટેલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ છે; જેમાં૧૦૦ કવિઓ, ભાઈ-બહેનના હેતની સ્વરચિત ગુજરાતી રચનાઓથી પોતાની લાગણીઓ વ્યક્ત કરશે.

-muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

ભોગીભાઈ ગાંધી : આતમના અજવાળે ચાલનાર પ્રવાસી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

ગાંધીજી આસપાસ તથા તેમની સાથે નિષ્ઠાવાન સાથીઓનો એક મોટો સમૂહ પણ તૈયાર થયો. ગાંધીયુગની આ આકાશગંગાની શોભા ભાતીગળ છે. આ સમૂહના દરેક લોકોએ પોતપોતાના ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપેલું છે. ઠક્કરબાપા જેવા લોકોએ આર્થિક – સામાજિક રીતે પાછળ રહી ગયેલા લોકોને મુખ્ય પ્રવાહમાં જોડવા માટે જીવનના તમામ વર્ષો સ્વેચ્છાએ ગાળ્યા. વિનોબાજીએ તો ગાંધીજીની હયાતી બાદ ગાંધી વિચારને ભૂમિગત કરવાનો મહાયજ્ઞ પ્રગટાવ્યો. ભૂદાનના કાર્યક્રમ થકી સામાજિક અસમાનતા મીટાવવા માટેનો આ અસાધારણ પ્રયાસ હતો. ગાંધી આકાશગંગાનું આવુંજ એક તેજસ્વી નક્ષત્ર એટલે ભોગીલાલ ગાંધી. વર્ષ ૨૦૧૧માં ભોગીલાલ ગાંધીની જન્મ શતાબ્દીનું વર્ષ ઉજવવામાં આવ્યું. ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી એક સુંદર ગ્રંથનું પણ આ પ્રસંગ નિમિત્તે પ્રકાશન કરવામાં આવ્યું. ભોગીલાલ ગાંધી એક સારા કવિ હતા. તેમની કવિ તરીકેની મજબૂત ઓળખનું એક કારણ તેમની આ ખૂબજ જાણીતી રચના છે :

તું તારા દિલનો દીવો થાને
ઓ રે ઓ રે ઓ ભાયા!
આભમાં સૂરજ ચંદ્રને તારા
મોટા મોટા તેજ રાયા
આતમનો તારો દીવો પેટવવા
તું વિણ સર્વ પરાયા...

જ્યાં સુધી સ્વની જાગૃતિ ન થાય ત્યાં સુધી ઉછીના તુંબડાની મદદથી તરવાની વાત કવિને મંજૂર નથી. ''અપ્પદીવો ભવલ્લલ્લ વાળી વાતનો અહીં પડઘો પડતો સાંભળી શકાય છે. ભોગીભાઈ પણ જીવનમાં આત્મદીપને અજવાળેજ ચાલ્યા હોય તેમ જણાય છે. વૈચારિક મતભેદ હોય ત્યાં ગાંધીના માર્ગેથી થોડા ફંટાઈને ચાલવામાં તેમને સંકોચ થયો નથી.

એક કવિ તરીકેના ભોગીભાઈના કર્તુત્વમાં સામાજિક નિસબતનો ભાવ છલોછલ જોવા મળે છે. આ બાબતમાં જેવી તેમની કથની છે તેવીજ કરણી છે. પોતાની આસપાસના સાથીઓની સંભાળ તેમના વર્તનનો સહજ ભાગ અને ભાવ જણાય છે. આ સામાજિક નિસબતનો ભાવ સમષ્ટિ સુધી વિસ્તરેલો છે. પોતાને જે કંઈ મળેલું છે તેને તજીને સાધનોના અભાવમાં સ્વસ્થ જીવન જીવવાની તેમની મજબૂત માનસિકતા છે.

બધું જ તજવું હવે સુખ, સુખાર્ધના સાધનો
રહું ગરીબ સંગમાં ફકીર થૈ તજીદે ફિકર,
સૂવુંયે ફુટપાથપે વ્યથિત વિશ્વસંગાથમાં,
મને ગરીબને ગૃહે જનમવા થઈ એષણા.

ગાંધીજીને જેમ છેવાડાના માનવી સાથે ઊંડો લગાવ હતો તેવીજ સક્રિય નિસબત અને સમાનુભૂતિનો ભાવ ભોગીભાઈને સહજાત હતો. કવિની ગતિ નિરંતર રીતે સ્વથી સર્વ તરફની રહી છે. સર્વની સ્વાધિનતા મેળવવાના કાર્યમાં સાધનવીહોણાંઓએ તો પોતાને નિરંતર સતાવતી શૃંખલા બેડીઓજ ગુમાવવાની આવે છે. 'વિરાટ પગલાંલ્લ કાવ્યની એક પંક્તિમાં કવિ લખે છે :

નહિ કંઈ ગુમાવવું
ફક્ત શૃંખલા બેડીઓ.

ગઈ શતાબ્દીમાં જગત ઉપર ગાંધી તથા કાર્લ માર્ક્સના વિચારોની ઊંડી તથા વ્યાપક અસર થઈ હતી. ભોગીભાઈ સામ્યવાદી પક્ષ સાથે જોડાયા હતા. ઘણાં વર્ષો સુધી તેમણે સામ્યવાદી પક્ષનું કાર્ય નિષ્ઠાપૂર્વક કર્યું. કોઈપણ રાજકીય પક્ષ હોય કે સામાજિક અથવા રાજકીય સંસ્થાન હોય ત્યાં ઘણી વખત વ્યક્તિગત મતને રજૂ કરવાની મોકળાશ ઓછી થઈ જતી હોય છે. સ્થાપિત નેતાગીરીને આ બાબત બહુ પસંદ પણ આવતી નથી. આ કારણસરજ આપણે અનેક રાજકીય પક્ષોના કે ધાર્મિક સંપ્રદાયોના વિભાજન થતાં જોયા છે. ભોગીભાઈને આવીજ ગૂંગળામણ સામ્યવાદી પક્ષમાં થવા પામી હતી. લેનીન તેમજ ટ્રોટસ્કીની મૂળ વિચારધારાથી હટીને સ્ટાલિને સામ્યવાદી પક્ષને એક અલગ વળાંક આપ્યો. ૧૯૫૩માં સ્ટાલિનની ચિર વિદાય થઈ. રશિયાના ખ્રુશ્ચવ જેવા નેતાઓએ સ્ટાલિનના શાસનકાળની ટીકા સ્ટાલિનની વિદાય પછી શરૂ કરી. પક્ષના આંતરિક વિખવાદો જગતને દેખાવા શરૂ થયા. આતમના અજવાળે ચાલનારા ભોગીભાઈને આ સ્થિતિ માફક ન આવી. સામ્યવાદી પક્ષનો ભોગીભાઈએ ત્યાગ કર્યો. ઘણાં મિત્રો ગુમાવ્યા. તેઓએ મુંબઈ છોડીને અમદાવાદ તરફ પ્રયાણ કર્યું. વ્યાપક સામાજિક નિસબત એ ભોગીભાઈના જીવનનું સૌથી મહત્વનું પાસું હતું. આથી અખબારોમાં તેને કેન્દ્રમાં રાખીને તેઓએ લેખન શરૂ કર્યું. પ્રસિધ્ધ મુખપત્ર 'વિશ્વમાનવલ્લ શરૂ કર્યું. સતત વિચારતા રહેવું તથા લખતા રહેવું એ તેમના જીવનનો એક મહત્વનો હિસ્સો હતો. કેટલાંક જીવનચરિત્રો પણ તેમણે લખ્યા.

ભોગીભાઈના જીવનસાથી સુભદ્રાબહેન (જીજી) એ ખરા અર્થમાં ભોગીભાઈના જીવનમાં પૂરક રહ્યા હતા. મિતભાષી જીજી ક્યારેય અકળામણ કે અભાવનો ભાવ અનુભવતા ન હતા. તેમના ઘરે અનેક મહેમાનોની આવ-જા થયા કરે. સૌની ભાવપૂર્વક આગતા સ્વાગતાનું કપરું કામ જીજી ખંતથી કરે. પોતાનું લેખનકાર્ય પણ અટકે નહિ તેની કાળજી રાખે. સુભદ્રાબહેન પરિવારની નારાજગી વહોરીને ભોગીભાઈ સાથે લગ્નગ્રંથીથી જોડાયા હતા. જગતના માનવીઓ માટેની અખૂટ સહહયતા એ બન્નેના જીવનમાં વણાયેલા હતા.

બાળપણથીજ ભોગીભાઈ ઉપર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરંપરાની અસર રહી હતી. ગુજરાત વિદ્યાપીઠમાં સ્નાતક થવા માટે દાખલ થયા. પરંતુ જાતેજ જાતેજ રસોઈ બનાવવાનો તેમનો આગ્રહ હતો. કેટલીક માન્યતાઓ બાળપણથી મળેલા ધર્મ વિષેના વિચારોથી ઘડાતી હોય છે. કાકાસાહેબ વિદ્યાપીઠ સંભાળે તેથી તેમને ભોગીભાઈનો આવો આગ્રહ ઉચિત ન લાગ્યો. કેસ ગાંધીજીને રીફર થયો. વ્યવહારું આજીવન સ્વાધ્યાયી તેમજ કર્મશીલ ભોગીભાઈ અલઝાઈમરરોગના ભોગ બન્યા. શરીરે મજબૂત મનોદશાને સાથ આપવાનું છોડ્યું. જીવનમાં એક અલગ પ્રકારની એકલતા તેમજ મજબૂરીનો તેઓ સામનો કરી રહ્યા હતા. જૂન-૨૦૦૨માં ભોગીભાઈએ આ સંસારમાંથી વિદાય લીધી. જીજી પણ આ આઘાત ઝીરવી ન શક્યા. ભોગીભાઈ પછી તેમની વિદાયમાં પણ લાંબો સમય ગયો નહિ. એક ઉમદા તથા આદર્શ દંપતિએ ઉજળું જીવન જીવીને અનેક લોકોને ચેતના તથા પ્રેરણા પૂરા પાડ્યા.

સ્વમાનભેર આજીવિકા મળે તેવી કેળવણી જરૂરી



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

આધુનિક સમયમાં અમેરિકન લેખક જોન ડ્યુઈએ કેળવણીના સિદ્ધાંતમાં સારો ફાળો આપ્યો છે. સમાજવાદી વિચારને વરેલા ડ્યુઈએ શાળાની આધુનિક આયોજન સમાજની રચના અને સમયની જરૂરિયાતોને બંધ બેસતી નથી. તેમના શબ્દોમાં જ શિક્ષણ વ્યવસ્થાની ટીકા જોઈએ. ડ્યુઈ લખે છે 'સંસ્કાર કેળવણી સાથે સંકળાયેલા આજના લગભગ બધા ખ્યાલો એવા જૂના સમયમાંથી ઉતરી આવેલા છે કે જે વેળા ફૂરસદવાળા વર્ગનું મજૂર વર્ગો કરતાં આત્યાંતિક ચડિયાતાપણું સ્વયંસિદ્ધ તરીકે સ્વીકારી લેવામાં આવતું હતું.

મહાત્મા ગાંધીની કેળવણી વિષયક વાત જોન ડ્યુઈની સાથે મેળ બેસે તેવી છે.'

ડ્યુઈ પોતાની કેળવણી સુધારની કલ્પનાનો ઉપસંહાર નીચેના ત્રણ સિદ્ધાંતોનું નિરુપણ કરીને કરે છે :

'પ્રથમ દરેક માણસને સ્વમાન જાળવી શકાય તેવું, પોતાની આજીવિકા ચાલી શકે તેવું, તથા જેમાં પોતાની બુદ્ધિ વાપરવી પડતી હોય તેવું કામ કરતાં આવડતું હોવું જોઈએ. અર્થાત્ દરેક માણસે પોતાને માટે તથા પોતાની મહેનત ઉપર આધાર રાખનારાંઓ માટે આજીવિકા મેળવવી જોઈએ એટલું જ નહીં, પણ તે આજીવિકા મેળવતી વેળા પોતે જે ઉદ્યોગ કરતો હોય તેવી બુદ્ધિયુક્ત સમજ તેને હોવી જોઈએ તથા પોતાનું કામ સારી

જોન ડ્યુઈ અને ગાંધીની કેળવણીના વિચારમાં સામ્યતા

રીતે કરવા જેટલો તેમાં તેને બુદ્ધિયુક્ત રસ પડવો જોઈએ. આ વસ્તુ પહેલાં કદી ન હતી તેટલી અગત્યની આજે બનેલી છે.'

'બીજા, એક માણસનું કામ બીજાઓની ક્ષેમકુશળતા ઉપર આટલા મોટા પ્રમાણમાં અસર કરતું હોય તેવું આજ પહેલાં કદી બન્યું ન હતું.'

'ત્રીજું, યંત્રોદ્યોગી પદ્ધતિઓ અને પ્રક્રિયાઓ આજે પ્રકૃતિ-વિજ્ઞાન અને સમાજવિજ્ઞાનની ઘટનાઓ અને નિયમોના જ્ઞાન ઉપર જેટલા મોટા પ્રમાણમાં આધાર રાખે છે, તેટલી પહેલાં કદી નહોતી રાખતી. આપણી રેલવેઓ, આગબોટો, કારખાનાં અને ખેતરો, અરે, આપણાં ઘરનું સામાન્ય રાચરચીલું પણ પોતાના અસ્તિત્વ માટે ગણિતશાસ્ત્રને લગતી, પદાર્થ વિજ્ઞાનને લગતી, રસાયણશાસ્ત્રને લગતી અને પ્રાણીવિજ્ઞાનને લગતી ઊંડી સમજ ઉપર અવલંબેલા છે. તેમનો સારામાં સારો ઉપયોગ પણ સામાજિક જીવનની ઘટનાઓ અને સંબંધોની સમજ ઉપર આધાર રાખે છે. તેથી મજૂરોનો મોટો સમુદાય જે યંત્રો ઉપર કામ કરે છે તે યંત્રોના નિર્જીવ દાંતા કે ચક્કરરુપ તેમને ન થઈ રહેવું હોય, તો તેઓએ એ યંત્રોની આગળની અને પાછળની ભૌતિક અને સામાજિક ઘટનાઓની કંઈક સમજ મેળવી લેવી જોઈએ.'

વળી તે કહે છે : 'આપણે તમામ સુતારીકામનો, લુહારીકામનો, તથા વણવાના, સીવવાના અને રાંધવાના કામનો, જીવન અને કેળવણીની પદ્ધતિ તરીકે ઉપયોગ કરવો જોઈએ; તેમનો ખાસ વિષયો કે હુન્નરો ગણી કાઢવા ન જોઈએ. જે પ્રક્રિયા દ્વારા સમાજ નભે છે, તેના તે બધા વિશિષ્ટ પ્રકારો છે; તથા સમાજજીવનની કેટલીક મુખ્ય આવશ્યકતાઓ તથા માણસની સમજ તથા કુશળતા વધતી ગઈ તેમ તેમ તે આવશ્યકતાઓ કેવી રીતે પૂરી પાડવામાં આવી છે તેના માર્ગો બાળકના ધ્યાન ઉપર લાવવાનાં તે બધાં સાધન છે. એ રીતે એ બધી ક્રિયાઓનું સામાજિક રહસ્ય આપણે વિચારવું જોઈએ. અર્થાત્ , બાળકે પોતે એ જીવન-ઉદ્યોગમાં કેવી રીતે સાધનભૂત થવાનું છે, એ વસ્તુ તેના ધ્યાન ઉપર લાવવી જોઈએ. જેથી શાળા પોતે પણ સક્રીય સમાજજીવનનું સાચું સ્વરુપ અખત્યાર કરે અને પાઠો ભણાવવા માટે અલગ પડેલી જગારુપ ના બને.'

જોન ડ્યુઈ (૧૮૫૯-૧૯૫૨) શાળાએ તો બાળકો મોટાં થતાં હોય ત્યાં સુધી તેમની કાળજી રાખવાની સગવડ છે કે અમુક માહિતીઓ શીખવવાનું સ્થળ છે, એ જાતના ઉપર-ચોટીયા ખ્યાલને ફગાવી દે છે. તેના મટે શાળા તો સંઘ જીવનનો એક પ્રકાર છે. સામાજિક જીવનની જટીલતાઓને સમજીને શાળાકાળમાં જ વિદ્યાર્થી ઉકેલવાની સમજણ મેળવે અને જીવન નિર્મળ અને સમતોલ કરવા માટે સક્ષમ બને એ આશા જુએ છે. ડ્યુઈ શાળાને સંઘજીવન ગણાવે છે ને ગાંધી આશ્રમી કેળવણી પદ્ધતિ મૂળમાં તો સામ્યતા ધરાવતી સમાજ ઉપચારની કેળવણી પદ્ધતિ જ છે એમ કહી શકાય.